# જામનગરમાં પોલીસના નાઈટ કોમ્બિંગમાં કડક કાર્યવાહી

## આડેધડ વાહન ચલાવતા ૩૦, બ્લેક ફિલ્મના ૯૮, ફેન્સી નંબર પ્લેટના ૧૨૨ ચાલકો પાસેથી ૯૮ હજારનો દંડ : અનેક વાહનો ડિટેઈન








તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ યોજાઈ હતી. જેમાં નશો કરીને વાહનો ચલાવનારા, ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કરી જોખમી રીતે વાહનો ચલાવતા તેમજ છરી સહિતના હથિયારો સાથે નીકળેલા ૩૦ વાહનચાલકો સામે પોલીસે કાર્યવાહી કરીને ગુના નોંધ્યા હતા. આ ઉપરાંત લાયસન્સ વગર, પીયુસી કે જરુરી પેપર્સ વગરના સંખ્યાબંધ લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

કોમ્બિંગ નાઈટ દરમ્યાન જિલ્લા તેમજ શહેરના વિવિધ વિસ્તારો તેમજ શહેરના પ્રવેશદ્વાર પર કડક ચેકિંગ ડ્રાઈવ યોજાઈ હતી.

સિટી એ ડિવિઝન પોલીસ દ્વારા પવનચક્કી સર્કલ ખાતે ટ્રાફિક નિયમો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ પરવામાં આવી હતી. આ દરમિયાન ૮ થી વધુ બાઈક ડીટેઈન કરાયા હતાં અને રૂ.૧૫,૩૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. પોલીસે શહેરમાં મુખ્ય રાડ પરની દુકાનોએ કે, જાહેર સ્થળોએ વાહનો સાઈડમાં પાર્ક કરીને જમાવડો કરીને બેસનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. સિટી બી., ડિવિઝન પોલીસ દ્વારા ગુલાબનગર વિસ્તારમાંથી પીધેલી હાલતમાં કાર લઈ નીકળેલા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી. સીટી સી. ડિવિઝન પોલીસે છરી સાથે નીકળેલા ઉપરાંત પીધેલી હાલતમાં નીકળેલા ચાર શખ્સોને પકડી પાડયા હતા. પંચકોશી એ. ડિવિઝન પોલીસે ચાર શખ્સો સામે કાર્યવાહી કરી હતી. જ્યારે પંચકોશી બી ડિવિઝન પોલીસે એક શખ્સ અને કાલાવડ ગ્રામ્ય પોલીસે છ વાહન ચાલકો તેમજ ધ્રોલ, જોડિયા, લાલપુર, મેઘપર સહિતના તમામ પોલીસ મથકો દ્વારા એમ.વી.એક્ટ હેઠળ ૧૧ કેસ કરાયા હતા. જ્યારે મોટર વ્હીકલ એક્ટના નિયમ ભંગ બદલ ૧૯ વાહન ડીટેઈન કરાયા હતા. નશાની હાલતમાં કાર, બાઈક ચલાવતા ૧૩ રાખ્સો પોલીસની ઝપટે ચડયા હતા. છરી, ધોકા જેવા હથિયાર સાથે નીકળી જાહેરનામા ભંગ બદલ ૧૦ કેસ કરાયા હતા. વાહનમાં બ્લેક ફિલ્મ બદલ ૯૮ કેસ અને ફેન્સી નંબર પ્લેટ બદલ ૧૨૨ કેસ કરી સ્થળ પરથી ૪ ૯૮, ૪૦૦ રૂપિયાનો હાજર દંડ વસુલાયો હતો.

# દ્વારકા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભાણવડ મુકામે કરાશે



દ્વારકા : આગામી તા.૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની ઉજવણી ભાણવડ સિવિલ કોર્ટ સામેના ગ્રાઉન્ડમાં ખાતે આન, બાન અને શાન સાથે કરાશે

પ્રજાસત્તાક પર્વના સુચારૂ આયોજન અંગે કલેકટર કચેરી, ખંભાળિયા ખાતે જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીએ કાર્યક્રમને લગત પૂર્વતૈયારીઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દેશભક્તિની થીમ પર વિશેષ સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડનું આયોજન કરવામાં આવશે. બેઠકમાં ધારાસભ્ય મુળુભાઈ બેરા, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા અને સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગર શહેર કોંગ્રેસ દ્વારા મહારાણા પ્રતાપની પ્રતિમાને ફુલહાર




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : મેવાડના યોદ્ધા મહારાણા મરતાપની ૪૨૯ મી પુણ્યતિથિ નિમિતે ગઈકાલે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા લાલ બાંગ્લા પાસે આવેલ મહારાણા પ્રતાપની પ્રતિમાને સાફ સફાઈ કરી ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ વેળાએ શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, આનંદ રાઠોડ, મહિપાલસિંહ જાડેજા, શક્તિસિંહ જેઠવા, પાર્થ પટેલ, રવિરાજસિંહ ગોહિલ, જયેન્દ્રસિંહ ઝાલા, છત્રપલસિંહ જાડેજા, લાલભાઈ ઝાલા તથા અનિરુદ્ધસિંહ સોઢા ઉપસ્થિત રહ્યા હતા.

# કૃષ્ણની કર્મભૂમિ દ્વારકામાં પૂ.મોરારી બાપૂની રામકથાનું ભવ્ય આયોજન

## સર્કિટ હાઉસ પાછળના ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓ શરૂ



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં આગામી ફેબ્રુઆરી માસના પ્રારંભે પ્રસિધ્ધ રામકથાકાર પૂ.મોરારી બાપૂની રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

દ્વારકામાં અરબી સમુદ્રના કાંઠે સનસેટ પોઈન્ટ નજીકના સર્કિટ હાઉસ પાછળના વિશાળ ગ્રાઉન્ડમાં જામનગરના તબીબ પૂર્ણિમાબેન જેઠવાના યજમાનપદે પૂ.મોરારી બાપૂની રામકથાનું આયોજન આગામી ૫મી ફેબ્રુઆરીથી થવા જઈ રહયુ છે. તા.૫ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી દરરોજ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાનાર રામકથાનું રસપાન પૂ.મોરારી બાપૂના શ્રીમુખેથી શ્રોતાઓ સાંભળી શકશે. આ ઉપરાંત ભોજન, ભંડારા, સત્સંગ, ભકિત અને શકિતના આ ધર્મોત્સવમાં ભાવિક ભકતોને જોડાવવા સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અગાઉ પણ મોરારી બાપૂના શ્રીમુખેથી યાત્રાધામ દ્વારકામાં તથા નાગેશ્વર જયોર્તિલિંગ અને બેટ દ્વારકામાં અગાઉ રામકથાના આયોજન થઈ ચૂકયા છે. આ અંગે તડામાર તૈયારીઓનો પ્રારંભ આયોજન સમિતિ દ્વારા શરૂ કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રમાં ભાજપના વિજયને વધાવતાં સલાયા શહેર ભાજપ પરિવાર



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બદલ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયામાં દ્વારકા જિલ્લા ભાજપ અધ્યક્ષ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ વિજય ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સલાયા શહેર ભાજપ પ્રમુખ લાલજીભાઈ ભુવા, પ્રભારી પરેશભાઈ કાનાણી, પૂર્વ નગરપાલિકા સભ્ય ભરતભાઈ લાલ, અરવિંદભાઈ ભટ્ટ (પૂર્વ શહેર પ્રમુખ) મહામંત્રી સુમિત લાલ, પ્રદીપસિંહ જાડેજા, યુવા પત્રકાર આનંદ લાલ, પ્રવિણ મારાજ, જયેશભાઈ પરમાર, દિવ્યેશ ભાઈ ગોસ્વામી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સૌએ એકબીજાના મીઠા મોઢા કરાવેલ અને ભારતમાતાની જયના જયઘોષ સાથે વિજયને વધાવ્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાનવા ભાજપ મહામંત્રી સુમિતભાઈ લાલએ જહેમત ઉઠાવેલ હતી.

# સલાયામાં ફરસાણની દુકાનમાં આખલો આવી ચડતા ભારે નુકશાની



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયામાં છેલા ઘણા સમયથી રખડતા પશુઓનો ત્રાસ વધ્યો છે જેમાં આખલાં બેફામ બન્યા છે. આ આખલાઓનો ત્રાસ એટલો વધ્યો છે કે મોટી ઉંમરના લોકો અને બાળકો રસ્તાઓ ઉપર નીકળતા ડરે છે. થોડા થોડા દિવસે આખલા યુદ્ધ સલાયાની બજારોમાં સામાન્ય બન્યા છે.

કેટલાય લોકોને આ આખલાના યુદ્ધ દરમ્યાન નાની મોટી ઈજાઓ થાય છે અને મુશ્કેલીમાં મુકાય છે.હાલમાં જ સલાયામાં મેન બજારમાં આવેલ શિવમ ફરસાણની દુકાનમાં વેપારી જ્યારે શાંતિ પૂર્વક ધંધો કરી રહ્યો હતો ત્યારે અચાનક બે આખલાઓ જાહેર રસ્તા ઉપર બાજતા હતા અને આ યુદ્ધ દરમ્યાન એક મહાકાય આખલો ભારે સ્પીડ સાથે આ ફરસાણની દુકાનમાં આવી ચડ્યો હતો.જ્યાં ઊભેલા ગ્રાહકો અને વેપારી ડરીને ભાગ્યા હતા.આ આખલો દુકાનની અંદર ઘૂસી અને ભારે નુકશાની કરી હતી. મીઠાઈ અને ફરસાણના કેટકેટલા ડબ્બાઓ અને સોકેશ વગેરે તોડી નાખ્યા હતા.સદનસીબે બહુ કોઈને લાગ્યું ન હતું પણ દુકાનદારને ભારે નુકશાની આવી હતી.માટે તંત્ર દ્વારા આ જાહેર રસ્તાઓમાં રખડતા આખલાઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવા કોઈ નક્કર પગલા લે તેવી માંગ ઉઠી છે.

# નવાનગર બેંકમાં ચેરમેન તરીકે નિમણૂંક



જામનગર શહેરની લોહાણા સમાજની જાણીતી સંસ્થા શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા લોહાણા સમાજના અગ્રણી અને જાણીતા ઉદ્યોગપતી અશોકભાઈ જોબનપુત્રાની જામનગર શહેરની નવાનગર બેન્કના ચેરમેન તરીકે નિમણૂંક થતા તેઓનું સન્માન સંસ્થાના યોગેશ વિઠલાણી, જયેશ ગોકાણી, નિલેશ જીવરાજાની, કોટક તેમજ રમેશભાઈ ખાખરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે સંસ્થા દ્વારા અશોકભાઈની આગેવાની હેઠળ શહેરની અગ્રણી નવાનગર બેન્ક ખુબ આગળ વધે તેવી શુભેરછાઓ પાઠવવામાં આવી હતી.

# લોહાણા મહિલા સેવા સમાજ દ્વારા સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિતરણ



જામનગર : જામનગરના લોહાણા મહિલા સેવા સમાજ દ્વારા દાતા કાકુભાઈ જમનાદાસ તન્નાના આર્થિક સહયોગથી જામનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાત-જાતના ભેદભાવ વગર કુલ નવ લાખની સ્કોલરશીપનું વિતરણ કરવાના કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રમુખસ્થાને જીતુભાઈ લાલ તથા અતિથિ વિશેષ પદે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ મોદી (સાબુવાળા), શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી સુલોચનાબેન તન્નાએ રજૂ કર્યો હતો. આભાર દર્શન પુષ્પાબેન સોમૈયાએ અને સંચાલન ભાવનાબેન પોપટે કર્યું હતું. ક્રિષ્નાબેન, નયનાબેન તન્ના, મનિષભાઈ તન્ના વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# જામનગરમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા દિવ્ય સત્સંગ અને હેપીનેસ શિબિરનું આયોજન

જામનગર : જામનગરના આંગણે આર્ટ ઓફ લિવિંગ પરિવાર અને નિકુંજ બાણુગારિયા ગ્રુપ (જાણીતા બિલ્ડર અને ડેવલોપર) ના સંયુક્ત ઉપક્રમે શહેરની જનતા માટે આધ્યાત્મિકતા અને સ્વાસ્થ્યનો સુમેળ સાધતા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમનો પ્રારંભ તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે એક ભવ્ય સત્સંગથી થશે. આર્ટ ઓફ લિવિંગના સિનિયર ટીચર કાંતિલાલ ભુવાના સાનિધ્યમાં ભજન, ધ્યાન અને જ્ઞાનની ગંગા વહેશે. જામનગરના પ્રખ્યાત સંગીતકારો આ સાંજે ભક્તિમય સૂર રેલાવશે. આ દિવ્ય સત્સંગમાં સૌ નગરજનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ત્યારબાદ, ૨૩ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન પ્રજાસત્તાક દિન નિમિત્તે વિશેષ ૪ દિવસીય 'હેપીનેસ પ્રોગ્રામ' યોજાશે. આ શિબિરમાં આર્ટ ઓફ લિવિંગના અનુભવી શિક્ષકો શ્રી કાંતિલાલ ભુવા અને શ્રી મનીષ રાયઠઠ્ઠા દ્વારા શક્તિશાળી 'સુદર્શન ક્રિયા', યોગાસન અને પ્રાણાયામની તાલીમ આપવામાં આવશે. આ શિબિર જીવનમાંથી તણાવ અને ચિંતા દૂર કરી શારીરિક-માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.

કાર્યક્રમની વિગતો: દિવ્ય સત્સંગ: ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ (રાત્રે ૮:૩૦ કલાકે) - ટીચર: કાંતિલાલ ભુવા હેપીનેસ શિબિર: ૨૩ થી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ (સાંજે ૬:૩૦ થી ૯:૩૦) - ટીચર: શ્રી કાંતિલાલ ભુવા અને મનીષ રાયઠઠ્ઠા સ્થળ: સિલ્વર ડ્રિમ્ઝ, ગોલ્ડન સિટી, પોલીસ હેડક્વાર્ટર પાછળ, જામનગર. આ કાર્યક્રમમાં જોડાવા માટે રજીસ્ટ્રેશન aolt.in/942835 અથવા નીચેના નંબર પર સંપર્ક કરી શકાશે. સંપર્ક:૮૧૬૦ ૫૪૧૩૭૧, ૭૯૮૪૦૦૮૫૮૭, ૮૦૦૦૧૭૩૬

# જામનગરમાં ખોડિયાર કોલોની સિક્સલેન માર્ગના નવીનીકરણની તૈયારી: કમિશનરની સ્થળ મુલાકાત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ગઈકાલે મહત્વની જાહેરાત કરાઈ હતી. જેમાં જામગરના ઓશવાળ સેન્ટરથી ખોડીયાર કોલોની અને દિગ્જામ સર્કલ સુધીના રોડને સિકસ લેન બનાવવાનો નિર્ણય કરાયો છે. ૧૫ કરોડના ખર્ચે ખોડીયાર કોલોની માર્ગ મોકળો બન્યા બાદ લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. આ જાહેરાત બાદ તંત્ર દ્વારા વહીવટી કામગીરી પણ તાત્કાલિક કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે સવારે મ્યુનિ. કમિશનર ડી. એન. મોદી સહીતની ટીમે સ્થળ મુલાકાત કરી હતી. જ્યાં રસ્તાનું નિરીક્ષણ કરી જરૂરી સૂચના આપી હતી. આ વેળાએ અન્ય અધિકારીઓ પણ સાથે રહ્યા હતા.

# જામનગર સાયબર પોલીસે ૯ વ્યક્તિના છેતરપિંડીમાં ગયેલા મોબાઈલ પરત અપાવ્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર રાજયભરની માફક જામનગર જિલ્લામાં પણ પોલીસનો 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અનેક પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. ત્યારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે છેતરપિંડીમાં ગુમાવેલા ૧૮.૨૫ લાખ રૂપિયા ૯ અરજદારોને પરત અપાવ્યા છે.

જામનષર શહેર-જિલ્લામાં વધતા જતા સાયબર ફ્રોડ વચ્ચે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં આવેલી અરજીઓમાંથી અરજદારોએ ગુમાવેલા નાણાનું પોલીસ ટીમ દ્વારા ઈન્વેસ્ટિગેશન કરીને તેની રિકવરીની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જે અંતર્ગત અરજદારો પાસે કોર્ટ કાર્યવાહી કરાવવામાં આવી હતી. ત્યાર પછી જે તે નાગરિકોએ પોતાને મળેલા કોર્ટ ઓર્ડર પોલીસ તંત્રને સોંપ્યા હતા. જે બાદ તમામને પોલીસે પૈસા પરત અપાવ્યા હતા. સોશિયલ મીડિયા માં છેતરપીડીનો ભોગ બન્યા બાદ પોલીસ તંત્રએ શરદ સુખદેવભાઈ સાંખલાના ૧.૮૦ લાખ રૂપિયા, મેહુલ પરમારના ૬.૧૭ લાખ, અજયસિંહ જાડેજાના ૩.૯૧ લાખ રૂપિયા, શિયાળ દીપકભાઈના ૧.૩૬ લાખ, પ્રિયંકાબેન દૂધાગરાના ૬૧ હજાર, પોબિંદા ચરણસતપતિના ૩.૪૪ લાખ અને કિશોરભાઈ મકવાણાના ૬૧ હજાર, વૈશાલીબેન ચાવડાના ૩૧ હજાર રૂપિયા અને મકવાણા હરેશભાઈનો મોબાઈલ પરત અપાયો હતો. આમ પોલીસે ૯ નાગરિકોના રૂ. ૧૮.૨૫ લાખની રોકડ અને મોબાઈલ તેઓને અર્પણ કર્યા હતા.

# શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા વાત્સલ્ય વૃદ્ધાશ્રમ ખાતે ગીતોનો કાર્યક્રમ યોજાયો



જામનગર : સમાજસેવા ક્ષેત્રે સક્રિય સ્વયમ શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા સ્ટાર સિંગર્સ ગેલેક્સીના સહયોગથી વાત્સલ્ય વૃદ્ધાશ્રમ ખાતે એક હૃદયસ્પર્શી ગાયન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વડીલોને આનંદ, સ્નેહ અને માનસિક શાંતિ પ્રદાન કરવાનો છે. સંગીત એ લાગણીઓને જોડતું સશક્ત માધ્યમ છે, અને આ કાર્યક્રમ દ્વારા વડીલો સાથે લાગણીસભર સમય વિતાવી માનવતા અને સંવેદનશીલતાનો સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન સ્ટાર સિંગર્સ ગેલેક્સીના પ્રતિભાશાળી ગાયકોએ સુમધુર ગીતોની પ્રસ્તુતિ કરીને વૃદ્ધાશ્રમનું વાતાવરણ આનંદમય બનાવશે. સ્વયમ શક્તિ ઈન્ડિયા ફાઉન્ડેશન સતત સમાજના દરેક વર્ગના કલ્યાણ માટે કાર્યરત છે અને આવા કાર્યક્રમો દ્વારા સેવાભાવને નવી ઊંચાઈ આપે છે.ફાઉન્ડેશન તરફથી સમાજના તમામ વર્ગોને આવા સેવાકીય અને માનવતાભર્યા કાર્યોમાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

# શ્રીમાળી યજુર્વેદ બ્રાહ્મણ માધ્યનંદીની જ્ઞાતિના હોદ્દેદારોની નિમણૂક



જામનગર : શ્રીમાળી યજુર્વેદ બ્રાહ્મણ માધ્યનદિની શાખા જામનગર જ્ઞાતિમાં નવસ કારોબારી સભ્યો માટે ચુંટણીપંચ દ્વારા ચુટણી રાખેલ હતી. જેમાં સર્વાનુમત્તે બિનહરીફ દિપકભાઈ આર દવે પ્રમુખ પદે, કિરણભાઈ આર. દવે ઉપપ્રમુખ તથા રૂચિરભાઈ ડી દવે મંત્રી પદે નિમણુંક થયા હતાં. જે નવા નિયુક્ત થયેલ કારોબારી સભ્યોની જાહેરાત ચુંટણીપંચનાં અધ્યક્ષ યોગેશભાઈ જે. શુક્લ તરફથી જ્ઞાતિજનોની હાજરીમાં જાહેર કરી જ્ઞાતિનો વહિવટ સોંપેલ હતો. તેમ મહિધર શુક્લની યાદીમાં જણાવાયું હતું.